ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ તા. ૦૭.૦૬.૨૦૧૭

**પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં**

**૧ વર્ષ અને ૬ માસનું સમયદાન આપનાર**
**વિધાનસભા સીટના વિસ્તારકોની બે દિવસીય બેઠકનું આયોજન**

**રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજી તેમજ**
**માન. પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયાજી માર્ગદર્શન આપશે.**

---

ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, ભાજપાના વિચારો જન-જન સુધી પહોંચાડવા, રાજ્ય અને કેન્દ્ર સરકારની ગરીબલક્ષી યોજનાની માહિતી પહોંચાડવી અને આ યોજનાનો લાભ કઈ રીતે લઈ શકાય તે અંગેની સમજ આપવી, આમ સાચા અર્થમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના **એકાત્મ માનવવાદ** અને **વિકાસના ફળો છેવાડાના માનવી સુધી પહોંચાડવાના ધ્યેય** અર્થે ૧ વર્ષ અને ૬ માસનું સમયદાન આપનાર વિધાનસભા સીટના વિસ્તારકોની **બે દિવસીય બેઠક**નું આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં અમદાવાદના નારણપુરા પલ્લવ ચાર રસ્તા સ્થિત ગુજરાત સ્ટેટ કૉ. ઓ. બેંક ખાતે તા. ૮ થી ૯ જૂને યોજાનારી આ બે દિવસીય બેઠકમાં વિધાનસભા સીટના વિસ્તારકોને માન. રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજી તેમજ માન. પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયાજી માર્ગદર્શન આપશે.

હાલમાં જ ૨૮ મે થી ૫ જૂન સુધીની નવ દિવસીય બુથ દીઠ વિસ્તારક યોજનામાં ગુજરાતના ૪૮ હજાર જેટલા બુથોમાં આશરે ૫૦ હજાર કરતાં વધારે વિસ્તારકોએ ઘરે-ઘરે સંપર્ક કરી પંડિત દીનદયાળજીની વિચારધારા જન-જન સુધી પહોંચાડી હતી. પ્રથમ તબક્કાની આ વિસ્તારક યોજનામાં બુથ પ્રમુખથી લઈને રાષ્ટ્રીય પ્રમુખશ્રી અમિતભાઈ શાહ સુધીના સંગઠનના હોદ્દેદારો વિસ્તારક તરીકે જોડાયા હતા. પ્રજા તરફથી પણ વિસ્તારકોને અભૂતપુર્વ આવકાર આપવામાં આવ્યો હતો. ત્યારે ૩ મહિના કરતાં વધુ સમયથી પૂર્ણકાલીન વિસ્તારક તરીકે જવાબદારી નિભાવી રહેલા વિસ્તારકો પૈકી વિધાનસભા સીટના વિસ્તારકોને કામગીરી દરમ્યાન કયા પ્રકારના અનુભવો થયા, કયા પ્રકારનો જન પ્રતિસાદ મળ્યો, આ ઉપરાંત વિસ્તારમાં થયેલ કામગીરી, પ્રવાસની પદ્ધતિ તથા બુથ વિસ્તારકની માહિતી વગેરે વિશે વિગતવાર ચર્ચા આ બે દિવસીય બેઠકમાં કરવામાં આવશે. આ ઉપરાંત વિસ્તારકોને આ કામગીરી દરમ્યાન કોઈ મુશ્કેલી કે સમસ્યા હોય તો તે અંગેનો યોગ્ય ઉપાય પણ ઉપસ્થિત મહાનુભાવશ્રીઓ પાસેથી મેળવી શકશે તેમ શ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ